## આદિવાસી વિસ્તારનાં વિવિધ પ્રશ્નોને ઉજાગર કરવામાં આવી રહ્યા છે

# કોંગ્રેસની જન આક્રોશ યાત્રાનું ડેડિયાપાડા વિસ્તારમાં ઉમળકાભેર સ્વાગત

**વન અધિકાર કાયદો બન્યાને ૨૦ વર્ષ થયા છતાં નર્મદા જિલ્લાની જનતાનાં જમીનનાં દાવાઓ પેન્ડિંગ કેમ છે : અમિત ચાવડા**

**૭૩ AAની આદિવાસીઓની જમીનો NA કરીને પડાવી લેવાનું મોટુ કૌભાંડ ચાલતું હોવાનો આક્ષેપ**

**નર્મદા સુગર ફેક્ટરીમાં ખેડૂતોને શેરડીનો ભાવ ટન દીઠ ૫ હજાર આપવામાં આવે તેવી માંગ**

**સરકારી દવાખાનાનો અભાવ, દર્દીઓ સારવાર માટે અન્ય જિલ્લામાં જવા મજબુર : તુષાર ચૌધરી**



અમદાવાદ, તા. ૧૧

ગુજરાતમાં જન આક્રોશ યાત્રાના આજે ઉજા ફેજના દશમાં દિવસે દક્ષિણ ગુજરાતમાં ચાલી રહેલ યાત્રા દરમિયાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ આજે સવારે ૯:૦૦ વાગે રાજપીપળાથી પ્રસ્થાન કરીને ગોપાલપૂરા, નવા વાઘપૂરા ,ગરૂડેર, કોયરી, કેવડિયા, વગડિયા, ગોરા, બોરિયા, રાજપીપડા, ખમાર, બોરીદ્રા, માંડણ, ખુંટાઅંબા, મોજી, મોબી, ડેડિયાપાડા પહોંચી હતી. જન આક્રોશ યાત્રાના દક્ષિણ ગુજરાતમાં દશમાં દિવસે વિવિધ વિસ્તારમાં ઉમંગભેર યાત્રાનું સ્વાગત કર્યું હતું. યાત્રા દરમિયાન બાઈક રેલી તથા સ્થાનિક લોકો સાથે વાતચીત કરી તેમની તકલીફ અને દર્દ સાંભળ્યા હતા.

નર્મદા સુગર ફેકટરીમાં ખેડૂતોને તેમની મહેનતનું યોગ્ય વળતર મળતું નથી. હાલમાં ખેતીના ખર્ચમાં થયેલો સતત વધારો, ખાતર અને બિયારણના ઊંચા ભાવ તથા મજૂરી ખર્ચને ધ્યાનમાં રાખીને ખેડૂતોને શેરડીનો ભાવ ટન દીઠ રૂા. ૫,૦૦૦ આપવાની પ્રબળ માંગ અમિત ચાવડાએ કરી હતી. સુગર ફેકટરી દ્વારા આ પોષણક્ષમ ભાવ આપવામાં નહીં આવે, તો ખેતી કરવી આર્થિક રીતે પરવડે તેમ નથી. સરકારની નબળી નીતિઓ અને આયોજનના અભાવે આદિવાસી વિસ્તારોમાં શિક્ષણનું સ્તર કથળી રહ્યું છે, જેના પરિણામે વિદ્યાર્થીઓના ડ્રોપઆઉટ રેશિયો (શાળા છોડવાનું પ્રમાણ)માં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. આદિવાસી પટ્ટામાં શાળાઓનું અંતર, અપૂરતું ઈન્ફ્રાસ્ટ્રકચર અને પાયાની સુવિધાઓનો અભાવ વિદ્યાર્થીઓને શિક્ષણથી વંચિત રહે છે.

વન જમીન અધિકાર કાયદો–૨૦૦૬ લાગુ થયાને લગભગ ૨૦ વર્ષ થવા આવ્યા છતાં નર્મદા જિલ્લાના હજારો આદિવાસી પરિવારોના જંગલ જમીનના દાવાઓ આજે પણ પેન્ડિંગ છે. ભાજપ સરકાર ડિજિટલ ઈન્ડિયાના દાવાઓ વચ્ચે પણ ગરીબ આદિવાસીઓના હક્ક માટેના પુરાવાઓ ચકાસવામાં આટલો લાંબો સમય કેમ લાગે છે? સ્થાનિક સ્તરે ગ્રામ સભાના ઠરાવો અને ખેડાણના પુરાવાઓ હોવા છતાં, વહીવટી તંત્ર દ્વારા વારંવાર કવેરી કાઢીને કે ટેકનિકલ કારણોસર દાવાઓ પેન્ડિંગ રાખવા એ સરકારની મનશા પર શંકા જન્માવે છે. આદિવાસીઓને જળ, જમીન અને જંગલના માલિક બનાવવાના બદલે તેમને કચેરીઓના ધક્કા ખાવા મજબૂર કરવામાં આવ્યા છે. ગુજરાત જમીન મહેસૂલ કાયદાની કલમ ૭૩ AA હેઠળ આદિવાસીઓની જમીનોના રક્ષણ માટે કડક જોગવાઈઓ હોવા છતાં, હાલમાં આ જમીનોને બિન–ખેતી (NA) કરાવીને હડપવાનું એક મોટું કૌભાંડ ચાલી રહ્યું છે. આ કૌભાંડમાં ભૂમાફિયાઓ આદિવાસીઓની જમીન પર ખોટા દસ્તાવેજો કે સત્તાવાર મંજૂરીઓના જોરે કિંમતી જમીનો પડાવી રહ્યા છે. નિયમ મુજબ, કલેકટરની પૂર્વ મંજૂરી વગર આદિવાસીની જમીન બિન– આદિવાસીને વેચી શકાતી નથી, તેમ છતાં વહીવટી છટકબારીઓ શોધીને જમીનને બારોબાર NA કરાવવામાં આવે છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી (SOU) પ્રોજેક્ટના નિર્માણ સમયે સ્થાનિક આદિવાસીઓને રોજગારની મોટી આશા હતી, પરંતુ વાસ્તવમાં સ્થાનિક રહેવાસીઓને નોકરી પર રાખવામાં ન આવ્યા. ભાજપના મળતીયાઓને એજન્સીઓના કોન્ટ્રાકટ દેવામાં આવ્યા. પોતાની જ જમીન પર નિર્મિત આ વિકક્ષાના પ્રોજેકટમાં હક્કનું કામ ન મળતા સ્થાનિક આદિવાસી સમાજમાં સરકાર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. PESA એકટની જોગવાઈઓની સરકાર ઘોર અનદેખી કરી રહી છે. વિકાસના મોટા–મોટા વાયદાઓ અને પ્રોજેકટસના નામે આદિવાસી સમાજની જીવાદોરી સમાન જળ, જંગલ અને જમીન છીનવી લેવાનું વ્યવસ્થિત કાવતરૂં ચાલી રહ્યું છે. ગ્રામસભાઓની મંજૂરી લીધા વિના જ જમીનોનું સંપાદન કરવું અને ઉદ્યોગપતિઓના ફાયદા માટે કુદરતી સંસાધનનો ભોગ લેવાઈ રહ્યો છે. આદિવાસી સંસ્કૃતિ અને તેમના અસ્તિત્વને ટકાવી રાખવા માટે જે સ્વાયત્તતા મળવી જોઈએ, તેના બદલે સત્તાના જોરે તેમના જંગલો અને નદીઓ હડપવામાં આવી રહ્યા છે, જે આદિવાસી સમુદાયના આર્થિક અને સામાજિક પતન તરફ આગળી વધી રહ્યા છે.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા તુષાર ચચૈધરીએ જણાવ્યું હતું કે, ગામડાં અને અંતરિયાળ વિસ્તારોમાં હોસ્પિટલ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનો અભાવ એક ગંભીર સમસ્યા બની ગઈ છે. જયારે સ્થાનિક સ્તરે પૂરતી તબીબી સુવિધાઓ, નિષ્ણાત ડોકટરો કે આધુનિક સાધનો ઉપલબ્ધ હોતા નથી, ત્યારે સામાન્ય બીમારી પણ જીવલેણ સાબિત થઈ શકે છે. આવી સ્થિતિમાં, ગંભીર હાલતમાં રહેલા દર્દીઓને તાત્કાલિક સારવાર માટે અન્ય જિલ્લાઓ કે મોટા શહેરોમાં જવા મજબૂર થવું પડે છે. ગરીબ પરિવારો પર આર્થિક બોજ વધે છે અને પરિવહનનો ખર્ચ પણ આકરો પડે છે.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષારભાઈ ચૌધરી, બી.વી. શ્રીનિવાસજી, કરશનદાસ બાપુ ભાદરકા, જીલ્લા પ્રમુખ રણજીતસિંહ તડવી, પૂર્વ ધારાસભ્ય પી.ડી. વસાવા, યુવા કોંગ્રેસના ઉપપ્રમુખ સંજયભાઈ નિનામા, છોટા ઉદેપુરના જીલ્લા પ્રમુખ શશીકાંતભાઈ રાઠવા, ભરૂચ જીલ્લાના પૂર્વ જિલ્લા પ્રમુખ પરિમલસિંહ રાણા સહિત મોટી સંખ્યામાં લોકો, કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

---

### એસ.ટી.નાં અધિકારીઓ ધ્યાન આપે

# બગસરામાં અનેક એસ.ટી. બસ કુંકાવાવ નાકા સ્ટોપ પર આવતી નથી

**માર્કેટયાર્ડથી બારોબાર નીકળી જતી હોવાનો આક્ષેપ**

બગસરા, તા. ૧૧

બગસરા એસ.ટી. ડેપોમાં પેસેન્જર દ્વારા અનેકવાર રજૂઆત કરેલ કે માર્કેટિંગ યાર્ડ વાળા રસ્તા પરથી અમુક બસ નીકળી જતી હોય અને કુંકાવાવના નાકે ચાલતી ના હોય. ડેપો મેનેજરની ઘોરબેદરકારીના લીધે પેસેન્જરમાં રોષ જોવા મળ્યો છે. ત્યારે અમુક બસ પૂછપરછમાં પણ બોલવામાં આવતી નથી અને પૂછપરછમાં જેને કાંઈ ખબર પડતી ન હોય તેવા લોકોને બેસાડીને તે લોકોને પૂછે છે કે કઈ બસ આ બસની તો મને ખબર નથી અને માઈકમાં પણ બસ બોલવામાં આવતી નથી. આમ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

મુસાફરોને જે ભણેલ ન હોય તેવી મહિલાઓને પૂછપરછમાં સરખો જવાબ ન મળતા તેઓ ગોટે ચડે છે. પેસેન્જરો ને ઉડાવ જવાબ મળે છે. આ બાબતે તાત્કાલિક આ પ્રશ્નનું નિરાકરણ કરવામાં નહીં આવે તો ના છૂટકે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવશે તેવું જાગૃત નાગરિકે પ્રેસ મીડિયાને જણાવેલ છે.

---

### વેપારીઓએ પણ સ્વચ્છતામાં સહયોગ કરવો જરૂરી બન્યો છે

# અમરેલીમાં પોસ્ટ ઓફિસ પાછળનાં માર્ગ ઉપર પાલિકાએ ગંદકી ફેંકવા મનાઈ કરી છતાં ગંદકીનાં ગંજ ખડકાયા

**સવાર અને સાંજે વેપારીઓ દુકાનોનો કચરો એકત્ર કરી યોગ્ય જગ્યાએ નિરાકરણ કરે**



અમરેલી, તા. ૧૧

અમરેલી શહેરમાં ઠેકઠેકાણે ગંદકીનાં ગંજ જોવા મળી રહ્યા છે. તેમાં પાલિકાની મહદઅંશે બેદરકારીની સાથે શહેરીજનો પણ યોગ્ય સહકાર આપતા નથી તે હકીકત છે.

શહેરમાં પોસ્ટ ઓફિસ પાછળ આવેલ માર્ગ ઉપર પાલિકાએ મસમોટુ લખાણ લખીને કોઈ શહેરીજનોને જાહેરમાં કચરો ન ફેંકવો તેવી ચેતવણી આપી હોવા છતાં અનેક વેપારીઓ સવારે દુકાનની સાફસફાઈ કરીને જે કચરો નીકળે તે ઢગલો કરી જાય છે. જેને લઈને ગાયનાં ટોળેટોળા ગંદકી ફેંદતા હોય અને વાહન વ્યવહાર પણ શરૂ થાય અને ગાય વચ્ચે ઝપાઝપી માર્ગ ઉપર થાય એટલે સતત અકસ્માતનો ભય ઉભો થાય છે.

જો કે અમુક વેપારીઓ તેમનો બચાવ કરતાં કહે છે કે પાલિકાની કચરો લેવા આવતી રીક્ષા નિયમિત આવતી નથી. માર્ગ ઉપર પણ સફાઈ કરવામાં આવતી નથી તો પછી કચરાનો નિકાલ કેવી રીતે કરવો.

જો કે પાલિકાનાં આરોગ્ય શાખાનાં જવાબદાર અધિકારીએ વેપારીઓ સાથે બેઠક કરીને સમસ્યાનું સમાધાન કરાવવું જોઈએ અને પોસ્ટ ઓફિસ પાછળનો માર્ગ સ્વચ્છ અને સુંદર રહે તેવું આયોજન કરવું જરૂરી છે.

---

### ખેડૂતોમાં ખુશીનો માહોલ ઉભો થયો

# અરે વાહ : સાવરકુંડલામાં નવા જીરૂનો ભાવ પ્રતિ મણનો પ્રારંભે ૫૧૮૬ મળ્યો

**યાર્ડનાં ચેરમેન દીપક માલાણીએ ખેડૂતો અને વેપારીઓને મોં મીઠું કરાવ્યુ**

અમરેલી, તા. ૧૧

ઉનાળાની શરૂઆત થતાં જ નવા મસાલાની સીઝન શરૂ થવામાં છે. ત્યારે ગ્રુહિનીઓ દ્વારા મસાલા ખરીદવા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. ત્યારે આજે સાવરકુંડલા માર્કેટયાર્ડમાં નવા જીરૂની આવકનાં શ્રી ગણેશ થવા પામેલ છે.

સાવરકુંડલા માર્કેટયાર્ડમાં સિઝનનું નવા જીરૂંની શરૂઆત થવા પામેલ છે. જેમા આજે પ્રથમ દિવસે માલકનેસ ગામના ખેડુત બચુભાઈ બાબુભાઈ ડાભીએ સાવરકુંડલાની વૃજલાલ પોપટલાલ નામનાં વેપારીના કમીશનમાં વેચવા માટે આવેલ હતાં.

આજે સિઝનનું નવા જીરૂંની આવકના શ્રી ગણેશ થયેલ હોય, જેનું ચેરમેન દિપકભાઈ માલાણીના વરદ હસ્તે વિધીસર પુજન કરી શ્રીફળ વધેરીને ખેડુતો તથા વેપારીઓનું મોં મીઠુ કરાવી અને હરરાજીની શુભ શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે ખરીદનાર વેપારીઓ તેમજ



યાર્ડના સ્ટાફગણ અને ડીરેકટરઓની ઉપસ્થિતીમાં ખરીદનાર વેપારીઓમાં મુહુર્તનું જીરૂં ખરીદવા માટે બોલીઓ બોલવામાં આવેલ હતી.

વેપારી પેઢી તકદીર ટ્રેડર્સ દ્વારા જીરૂની રૂા.૫૧૮૬ની ઉંચી બોલીબોલીને જીરૂં ખરીદ કરેલ હતું. જેથી મુહુર્તના સારા ભાવ બોલાતા ખેડુતોમાં પણ ખુશીનો માહોલ છવાયો હતો.

---

### જાફરાબાદની પારેખ–મહેતા હાઈસ્કૂલના ભુતપુર્વ વિદ્યાર્થી અને

# રાજુલાના ધારાનેસ ગામના પી.એમ. ધાખડાને પી.એસ.આઇ.માંથી પીઆઈનું પ્રમોશન મળ્યું

**વડોદરા ખાતે ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ સોંપાઈ**



જાફરાબાદ, તા. ૧૧, જાફરાબાદ ખાતે આવેલ જા.કે.ઉ. મંડળ સંચાલિત પારેખ મહેતા હાઈસ્કૂલમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી અને (એન.સી.સી.) ના ભૂતપૂર્વ કેડેટ પ્રવિણભાઈ એમ.ધાખદાને પોલીસ ખાતામાં પીએસઆઈમાંથી પીઆઈ તરીકેનું પ્રમોશન મળતા વડોદરા પોલીસ કમિશનર દ્વારા વડોદરા ખાતે એલસીબીમાં મુકવામાં આવ્યા છે. પ્રવિણભાઈ ધાખડા રાજુલા તાલુકાના ધારાનેસના ગામના વતની છે. તેઓ એક પ્રામાણિક યુવા તેમજ નિષ્ઠાવાન વ્યક્તિ તરીકે પોલીસ ખાતામાં પીએસઆઈ તરીકે સર્વીસ કરતા હતા તેઓની પ્રામાણિક સેવાને ધ્યાન પર લઈ ગૃહ ખાતે પોલીસ ઈન્સ્પેકટર (પીઆઈ) તરીકે નું પ્રમોશન આપેલ છે.

---

### ઉછીનાં નાણા માટે આપેલ ચેક રીટર્ન થતાં

# અમરેલીમાં ચેક રીટર્ન કેસમાં આરોપીને ૨ વર્ષની સજાનો હુકમ કરવામાં આવ્યો

**એડવોકેટ સંદિપ પંડયા અને રામજીભાઈ જાદવની દલીલ સફળ**

અમરેલી, તા. ૧૧

અમરેલી શહેરમાં રહેતા અને પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતા એક નિવૃત્ત કર્મચારીએ પોતાની સોસાયટીમાં રહેતા અને પારિવારિક મિત્ર રમેશ યશવંતભાઈ ચૌહાણને રૂપિયા અઢી લાખ હાથ ઉછીના આપેલા. ત્યારબાદ આ કામના ફરિયાદીએ પોતાના વાયદા મુજબ ઉછીના પેટે આપેલી રકમ અંગે આ કામના આરોપી પાસે ઉઘરાણી કરતા કરતા તેઓએ પોતાના બેંક સેવિંગ એકાઉન્ટ ખાતાનો ચેક આપેલો. ત્યારબાદ આ ચેક આરોપીના કહેવા મુજબ ફરિયાદીએ પોતાના બેન્ક એકાઉન્ટ ખાતામાં વટાવવા નાખેલ. ત્યારે આ ચેક બેંકમાંથી પાસ થયા વગર રિટર્ન ફરતા આ કામના ફરિયાદીએ અમરેલી ચીફ કોર્ટમાં આ કામના





આરોપી વિરૂદ્ધ નેગોશિયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ મુજબ ફરિયાદ કરતા ફોજદારી કેસ નંબર ૧૩૨૧/૨૦૨૨ પડેલ. જે કેસ અમરેલી જયુડિશિયલ મેજિસ્ટ્રેટ (ફક) કોર્ટમાં કેસ ચાલી જતા સમગ્ર કેસના પુરાવાના મૂલ્યાંકનના અંતે આ કામના આરોપીને બે વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમની દોઢી રકમ એટલે કે રૂપિયા અઢી લાખ ફરિયાદીને ચૂકવી આપવાનો હુકમ કરેલ છે અને જો આ કામના આરોપી વળતરની રકમ ન ચૂકવે તો વધારે બે વર્ષ ઉપરાંતની વધુ સજાનો પણ આદેશ કરેલ છે. આ કેસમાં ફરિયાદી તરફે એડવોકેટ સંદીપ પી. પંડયા તથા રામજીભાઈ વી. જાદવની દલીલો અને કાયદાકીય રજૂઆતો કોર્ટે ગ્રાહ્ય રાખી હતી.

# અમરેલી જિલ્લામાંથી ૬૧,૦૫૨ ખેડૂતો પાસેથી રૂ. ૯૮૨ કરોડની મગફળીની ટેકાના ભાવે ખરીદી






અમરેલી જિલ્લો કૃષિ પ્રધાન જિલ્લો છે. રાજય સરકાર દ્વારા કૃષિ ક્ષેત્રને મજબૂત બનાવવાના દઢ સંકલ્પ સાથે અમરેલી જિલ્લામાં ખેડૂતોના સર્વાંગી ઉત્થાન માટે વ્યાપક અને અસરકારક કામગીરી હાથ ધરવામાં આવી છે. ખેડૂતોને તેમની ઉપજનો યોગ્ય ભાવ મળી રહે, આર્થિક સુરક્ષા વધે તથા કુદરતી આફતો સામે સમયસર સહાય પ્રાપ્ત થાય એવા હેતુથી અમલમાં મૂકાયેલી વિવિધ યોજનાઓ આજે અમરેલી જિલ્લાના કૃષિ વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. રાજય સરકાર દ્વારા સમગ્ર રાજયમાં કૃષિકારોને સશક્ત કરવા માટે રૂ. ૧૫,૦૦૦ કરોડની ટેકાના ભાવે જણસોની ખરીદી કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ સંવેદનશીલ પહેલના ભાગરૂપે અમરેલી જિલ્લામાં અત્યાર સુધીમાં ૬૧,૦૫૨ ખેડૂતો પાસેથી કુલ ૧.૩૫ લાખ મેટ્રિક ટન મગફળીની ખરીદી કરવામાં આવી છે. જિલ્લા ખેતીવાડી અધિકારીના જણાવ્યા મુજબ નાફેડ મારફતે જિલ્લામાં આવેલા ૧૮ ખરીદી કેન્દ્રો પરથી અંદાજિત રૂ. ૯૮૨ કરોડથી વધુની મગફળી ટેકાના ભાવે ખરીદવામાં આવી છે. આ પગલાંથી ખેડૂતોને બજારની અસ્થિરતા સામે રક્ષણ મળ્યું છે અને તેમની આવકમાં સ્થિરતા આવી છે. ગત ઓક્ટોબર માસમાં થયેલા કમોસમી વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતોને રાહતપહોંચાડવા રાજય સરકાર દ્વારા રૂ. ૧૦,૦૦૦ કરોડનું કૃષિ રાહત પેકેજ–૨૦૨૫ અમલમાં મૂકવામાં આવ્યું હતું. આ અંતર્ગત અમરેલી જિલ્લામાં કુલ ૨.૨૩ લાખ ખેડૂતોને રૂ. ૭૪૯.૦૦ કરોડથી વધુની સહાય સીધી જ તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવી છે. સમયસર અને પારદર્શક રીતે આપવામાં આવેલી આ સહાયથી અસરગ્રસ્ત ખેડૂતોને ફરીથી ખેતી કાર્યમાં બેઠા થવામાં મોટી મદદ મળી છે.ખેતીમાં આધુનિકીકરણ અને ઉત્પાદન ક્ષમતા વધારવાના હેતુથી ખેતીવાડી ખાતા દ્વારા વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન વિવિધ યોજનાઓ અંતર્ગત અમરેલી જિલ્લાના ૧૦,૩૩૮ ખેડૂત લાભાર્થીઓને ટ્રેક્ટર, રોટાવેટર, થ્રેસર, પંપસેટ, સ્પ્રે પંપ સહિતના કૃષિ યાંત્રિક સાધનો માટે અંદાજિત રૂ. ૩૫.૫૨ કરોડની સહાય આપવામાં આવી છે. યાંત્રિકીકરણથી ખેતી ખર્ચમાં ઘટાડો થવા સાથે ઉત્પાદનક્ષમતા અને કાર્યક્ષમતા વધતી જોવા મળી છે. ખેડૂતોની આવકમાં સતત સહારો પુરો પાડતી 'પી.એમ. કિસાન સન્માન નિધિ' યોજના અંતર્ગત અમરેલી જિલ્લામાં કુલ ૧.૮૧ લાખ ખેડૂત લાભાર્થી–કુટુંબોને લાભ આપવામાં આવે છે. યોજના અંતર્ગત અલગ અલગ ૨૧ હપ્તામાં રૂ. ૨,૦૦૦ લેખે રકમ સીધી ખેડૂતોના ખાતામાં જમા કરવામાં આવી રહી છે, જે નાના અને સીમાંત ખેડૂતો માટે મહત્વનો આર્થિક આધારબની છે.

# તેલ, મીઠું અને ખાંડ વગરના અથાણાંથી મહિલા ઉદ્યોગ સાહસિકે શરૂ કરી પોતાની મંજિલ



અમરેલી, તા. ૧૧

આત્મનિર્ભર બનવાની ઈચ્છા, સતત મહેનત અને નવી વિચારધારા સાથે અમરેલી જિલ્લાના જંગર તાલુકાની એક મહિલાએ અનોખું ઉદ્યોગસાહસ શરૂ કર્યું છે. તેલ, મીઠું અને ખાંડ વગરના સ્વસ્થ અથાણાં બનાવી આજે તે પોતાની ઓળખ ઊભી કરી રહી છે. મધ્યમ પરિવારથી આવતી હોવા છતાં સંઘર્ષને શકિતમાં ફેરવી તેમણે પોતાનો માર્ગ જાતે ઘડ્યો છે.સેજલબેન વિથલભાઇ ભાયાણી જણાવે છે કે તેઓ જંગર તાલુકા, અમરેલીના રહેવાસી છે અને ગ્રેજયુએશન સુધીનો અભ્યાસ કર્યો છે. અભ્યાસ પૂર્ણ કર્યા બાદ સ્વરોજગાર તરફ આગળ વધવાનો વિચાર આવ્યો અને અથાણાં બનાવવાની તાલીમ લેવા માટે તેમણે સતત ૬ મહિના સુધી તાલીમ મેળવી. શરૂઆતમાં શીખવાની પ્રક્રિયા મુશ્કેલ લાગી, પરંતુ આત્મવિસ અને ધીરજ સાથે તેમણે આગળ વધવાનું નક્કી કર્યું.તેઓ કહે છે કે, ''હું મધ્યમ પરિવારથી આવું છું. નોકરી કરતાં પોતાનું કંઈક કરવાનું મન હતું. તેથી મેં આ સ્ટાર્ટઅપ શરૂ કર્યું.'' હાલ તેઓ ઓનલાઈન તેમજ ઓફલાઈન બંને રીતે અથાણાંનું વેચાણ કરે છે અને મહિને અંદાજે ૧૦૦૦૦ થી ૧૫૦૦૦ સુધીની આવક શરૂ થઈ ગઈ છે. આ શરૂઆતની આવક તેમના માટે પ્રેરણારૂપ સાબિત થઈ છે.તેમના સ્ટાર્ટઅપની સૌથી મોટી ખાસિયત એ છે કે તેઓ ખજૂરનું અથાણું તેલ, મીઠું અને ખાંડ વગર બનાવે છે. આ અથાણું લગભગ ૨ વર્ષ સુધી બગડતું નથી અને સ્વાસ્થ્ય માટે પણ લાભદાયી છે. સેજલબેન જણાવે છે કે તેમના અથાણામાં આયર્ન અને વિટામિન ઈ ભરપૂર પ્રમાણમાં હોય છે, જેના કારણે આ અથાણું સ્વાદમાં શ્રેષ્ઠ અને આરોગ્ય માટે ઉત્તમ ગણાય છે.ખજૂરનું આ અનોખું અથાણું બનાવવાની પ્રક્રિયા પણ સંપૂર્ણ સ્વચ્છતા અને કાળજી સાથે કરવામાં આવે છે. બજારમાંથી તાજા લીંબુ લાવીને સૌપ્રથમ તેને સારી રીતે ધોઈને સૂકવવામાં આવે છે. ત્યારબાદ લીંબુના ટુકડા કરવામાં આવે છે. લાલ ખજૂરની ખરીદી કરી તેમાંના બી કાઢી નાંખવામાં આવે છે અને ખજૂરના નાના ટુકડા કરવામાં આવે છે.આ પછી જરૂરી મસાલાની તૈયારી કરવામાં આવે છે, જેમાં હળદર, મરી પાવડર અને ધાણા પાવડરનો ઉપયોગ થાય છે. અલગથી એક નાની તવી ગરમ કરી તેમાં રાઈ અને જીરૂ, તેલ,વગર શેકવામાં આવે છે. મસાલાની સુગંધ આવતાં જ તેમાં હિંગ ઉમેરીને ખજૂરના મિશ્રણમાં ભેળવવામાં આવે છે. ત્યારબાદ લીંબુના કટકા ખજૂર સાથે મિક્સ કરી આ મિશ્રણને તડકામાં રાખવામાં આવે છે, જેથી ખજૂરની કુદરતી મીઠાશ આખા અથાણામાં ભળી જાય છે.વધુમાં જણાવે છે કે તેમના અથાણાંની વિદેશમાં પણ સારી માંગ છે, પરંતુ હાલ પૂરતા સાધનો અને વ્યવસ્થાના અભાવે વિદેશી બજારમાં પ્રવેશ કરી શક્યા નથી. તેમ છતાં ભવિષ્યમાં આ દિશામાં આગળ વધવાનો તેમનો સંકલ્પ મજબૂત છે.તેલ, મીઠું અને ખાંડ વગરના સ્વસ્થ અથાણાં દ્વારા સેજલબેન ભાયાણીએ સાબિત કરી બતાવ્યું છે કે નવી વિચારધારા અને મહેનતથી મહિલાઓ પણ પોતાનું સ્વપ્ન સાકાર કરી શકે છે. તેમની આ સફર અનેક મહિલાઓ માટે પ્રેરણારૂપ બની રહી છે.

# લોકસભામાં રાહુલ ગાંધીએ ટ્રેડ ડીલ પર ઉઠાવ્યા સવાલ

નવી દિલ્હી, તા.૧૧

સંસદમાં લાંબા સમય સુધી વિરોધ ચાલ્યા બાદ રાહુલ ગાંધીએ આજે લોકસભામાં બજેટ ૨૦૨૬ પર ચર્ચામાં ભાગ લીધો હતો. રાહુલ ગાંધીએ સરકાર પર પ્રહાર કરતા પૂછ્યું કે અમેરિકા આપણા નિર્ણયો કેવી રીતે નક્કી કરી રહ્યું છે. હવે શું અમેરિકા નક્કી કરશે કે આપણે તેલ ક્યાંથી ખરીદીએ? તેમણે આપણા કૃષિ ક્ષેત્રને અમેરિકા માટે ખોલી દીધું. સરકારે ખેડૂતો વિશે વિચાર્યું નહીં. યુએસ ટેરિફ ૩% થી વધીને ૧૮% થઈ ગયો છે.રાહુલ ગાંધીએ કહ્યું કે ભારતીયો પાસે સૌથી વધુ ડેટા છે. ડેટા સુરક્ષા સર્વોપરી છે. આપણા લોકોની પ્રતિભા અને વિચારસરણીને પકડવાના પ્રયાસો થઈ રહ્યા છે. અમેરિકા અને ચીનની નજર આપણા ડેટા પર છે. જો બાંગ્લાદેશ કાપડ નિકાસ કરે છે, તો તેના પર શૂન્ય ટેરિફ છે. આપણો કાપડ ઉદ્યોગ ખતમ થઈ ગયો. અમેરિકન નિકાસ વધી, આપણને શું ફાયદો થયો? ટ્રમ્પે ટેરિફ વધાર્યો. હવે શું અમેરિકા નક્કી કરશે કે આપણે તેલ ક્યાંથી ખરીદીએ? રાહુલ ગાંધીએ કહ્યું, "કેન્દ્ર સરકારે વેપાર સોદામાં ગરીબ ખેડૂતોને કચડવાનો માર્ગ મોકળો કર્યો છે. આ પહેલાં ક્યારેય કોઈ વડા પ્રધાને આવું કર્યું નથી. ઈતિહાસમાં પહેલી વાર, આપણા ખેડૂતો સંકટનો સામનો કરી રહ્યા છે. યુએસ આયાત ૪૬ અરબ યુએસ ડોલરથી વધીને ૧૪૬ અરબ યુએસ ડોલર થશે. આપણો ટેરિફ ૩%થી વધીને ૧૮% થયો છે અને તેમનો ટેરિફ ૧૬%થી ઘટીને શૂન્ય થઈ ગયો છે."રાહુલ ગાંધીએ કહ્યું કે આપણે સ્થિરતાની દુનિયાથી અસ્થિરતાની દુનિયા તરફ આગળ વધી રહ્યા છીએ. વડા પ્રધાન અને દ્દજીછએ થોડા સમય પહેલા ચોંકાવનારી રીતે કહ્યું હતું કે યુદ્ધનો સમય પૂરો થઈ ગયો છે. પરંતુ યુક્રેનમાં સંઘર્ષ ચાલુ છે અને ઈરાનમાં સંઘર્ષ ચાલુ છે. આનો અર્થ એ છે કે આપણે સ્થિરતાથી અસ્થિરતા તરફ આગળ વધી રહ્યા છીએ. અન્ય અનેક વૈશ્વિક મુદ્દાઓનો ઉલ્લેખ કરતા, રાહુલે કહ્યું કે આજે ભારતના ૧.૪ અબજ લોકો સામેના પડકારો તદ્દન અલગ છે.

## અમેરિકા અને ચીનની નજર આપણા ડેટા પર છે : રાહુલ ગાંધી

# સરકારે ભારત દેશને વેચી નાખ્યો, ટ્રેડ ડીલને લઈને સંસદમાં રાહુલ ગાંધી ના પ્રહારો

## ભારતના લોકો પાસે સૌથી વધુ ડેટા છે, ડેટાની સુરક્ષા સૌથી મહત્વની છે, આપણા લોકોની પ્રતિભા અને વિચારો પર કબજો કરવાના પ્રયાસો થઈ રહ્યા છે : કોંગ્રેસ

નવી દિલ્હી, તા.૧૧

લોકસભામાં એક દિવસ પહેલા બજેટ પર ચર્ચા શરૂ થઈ હતી. સંસદમાં બજેટ પર ચર્ચાનો આજે બીજો દિવસ છે. લોકસભામાં બજેટ પર ચર્ચા દરમિયાન આજે વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા. લોકસભામાં રાહુલ ગાંધીએ પોતાનું ભાષણ માર્શલ આર્ટના દાવપેંચથી શરૂ કર્યું હતું અને કહ્યું હતું કે આજે દુનિયા અનિશ્ચિતતાના સમયગાળામાંથી પસાર થઈ રહી છે. આ ફાઈટના કેન્દ્રમાં છૈંનો કોન્સેપ્ટ છે. દરેક વ્યક્તિ કહી રહી છે કે અત્યારે AIનો જમાનો છે.જુડો અને માર્શલ આર્ટથી પોતાનું ભાષણ શરૂ કરતાં રાહુલ ગાંધીએ કહ્યું કે, 'હું આર્થિક સર્વે તરફ જોઈ રહ્યો હતો. અમેરિકાને ચીન, રશિયા તરફથી પડકાર મળી રહ્યો છે. આપણે એવી દુનિયામાં રહીએ છીએ, જ્યાં એનર્જી અને ફાઈનાન્સને હથિયાર બનાવવામાં આવી રહ્યું છે. આપણે સ્થિર દુનિયામાંથી અસ્થિર દુનિયા તરફ જઈ રહ્યા છીએ. યુક્રેન, ગાઝા, મિડલ ઈસ્ટ, ઈરાનમાં યુદ્ધ ચાલી રહ્યું છે. આપણે ઓપરેશન સિંદૂર કર્યું.

દુનિયા અસ્થિર છે.'લોકસભામાં રાહુલ ગાંધીએ કહ્યું કે, આજે ડોલરને પડકાર મળી રહ્યો છે, અમેરિકાની સુપ્રીમેસીને પડકાર મળી રહ્યો છે. હાલ દુનિયા અસ્થિર છે. હું સર્વે સાથે સહમત છું. ઘણા સોફ્ટવેર એન્જિનિયર્સ છૈંથી રિપ્લેસ થઈ જશે. આપણા દેશની મજબૂત સ્થિતિ ૧.૪ અબજની વસ્તી છે, જે ઊર્જાથી ભરેલી છે, જે દુનિયાને કોઈપણ સ્તરે પડકાર આપી શકે છે.

રાહુલ ગાંધીએ લોકસભામાં કહ્યું કે, આજકાલ લોકો ડેટા બનાવી રહ્યા છે. આપણી પાસે સૌથી વધુ ડેટા પૂલ છે. ૧.૪ અબજ લોકો છે. એટલે કે ભારતમાં મોટી સંખ્યામાં ડેટા જનરેટ થઈ રહ્યો છે. જો તમારી પાસે AI છે અને ડેટા નથી તો તમારી પાસે કંઈ નથી. ભારતીય ડેટા અને ચીની પૂલ ડેટા. ચીનની પાસે પણ આપણી જેટલી વસ્તી છે. આમાં ઘણી રસપ્રદ વાતો નીકળશે. તમને મુશ્કેલીના સમયમાં શું જોઈએ છે. આપણા ખેડૂતો અનાજ આપે છે, લેબર મહેનત કરે છે. આપણા આધુનિક દેશને ચલાવવા માટે પેટ્રોલ, એનર્જી ફ્યુઅલ પણ જોઈએ છે.

લોકસભામાં રાહુલ ગાંધીએ કહ્યું કે, મારા માટે એક રસપ્રદ વાત એ છે કે બજેટમાં આ વસ્તુઓની ભલામણ કરવામાં આવી રહી છે. બજેટમાં કહેવામાં આવી રહ્યું છે કે, એનર્જી અને ફાઈનાન્સથી દુનિયાને મુશ્કેલીમાં મૂકવામાં આવી રહી છે. પરંતુ બજેટમાં ફ્યુઅલ અને એનર્જી ફાઈનાન્સ અને જિયો પોલિટિકલ પડકાર માટે કંઈ કહેવામાં આવ્યું નથી. બજેટની સમાંતર કંઈક નવું થઈ ગયું છે. અમેરિકા સાથે આપણે એક સમજૂતી કરી છે. હું એક વાત સ્પષ્ટ કહું છું. અમેરિકા અને ચીન વચ્ચે સૌથી મોંઘો એસેટ ભારતીય ડેટા છે. અમેરિકાને સુપર પાવર બન્યા રહેવા માટે પોતાના ડોલરને પ્રોટેક્ટ કરવા માટે ભારતીય ડેટા જોઈએ છે, ચીન પાસે પોતાનો પૂલ છે. અસલી લડાઈ ડેટાને લઈને છે.લોકસભામાં રાહુલ ગાંધીએ કહ્યું કે, જનસંખ્યા સૌથી મોટી સ્ટ્રેન્થ છે. જનસંખ્યા પડકાર નથી. જો ઈન્ડિયા અલાયન્સ રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાત કરેત તો અમે શું કહેત તે તમે જાણો - અમે પહેલી વાત એ કહેત કે સૌથી અગત્યનો, ભારતીય ડેટા છે. તમે તમારા ડોલરને પ્રોટેક્ટ કરવા માંગો છો તો કરો, અમે તમને મદદ કરીશું. તો ભારતીયોના ડેટાને પણ તમારે પ્રોટેક્ટ કરવો જોઈએ, બીજી વાત - ટ્રમ્પ કહે છે કે જો તમે આ ડેટા સુધી પહોંચવા માંગો છો, તો તમારે બરાબરીની વાત કરવી પડશે. અમે તમારા નોકર નથી એમ તમે વાત ન કરી શકો. ટ્રમ્પ તમે સમજો અમારી એનર્જી સુરક્ષા છે, તેના માટે જે જરૂરી હોય તે કરીશું. અમે અમારી પોતાની સુરક્ષા કરીશું. ટ્રમ્પ અમે સમજીએ છીએ કે તમારી પાસે વોટર બેઝ છે, તમે તમારા પોતાના ખેડૂતોને પ્રોટેક્ટ કરવા માંગો છો તો અમે પણ અમારા પોતાના ખેડૂતોની સુરક્ષા કરવા માંગીએ છીએ. ડેટા આપણી મજબૂતી છે.રાહુલે ગાંધીએ કહ્યું કે, ટ્રમ્પે નક્કી કર્યું કે પાકિસ્તાની આર્મી ચીફ આપણી સાથે નાસ્તો કરશે. તમે સમજૂતી કરી. આપણા સૌથી મોંઘા એસેટ પર આપણે સમજૂતી ન કરી શકીએ, તમે અમેરિકા સાથે સમજૂતીમાં આ વસ્તુઓ ગુમાવી દીધી. રાહુલ ગાંધીએ કહ્યું કે, ભારતના ઈતિહાસમાં પહેલી વખત એવું થયું છે કે આપણા ખેડૂતો રોકાઈ ગયા છે. મકાઈ, સોયાબીન, લાલ જુવાર અને કપાસ માટે તમે રસ્તો ખોલી દીધો છે. અમેરિકી ફાર્મને મેકેનાઈઝ કરવાનો રસ્તો ખોલી દીધો. તમે ખોટું કર્યું. કોઈ વડાપ્રધાને આવું ક્યારેય નથી કર્યું. તમને ભરોસો આપું છું કે તમારા પછી પણ કોઈ એવું નહીં કરે. રાહુલ ગાંધીએ કહ્યું કે તમે ભારતને વેચી દીધું. શું તમને ભારતને વેચવાની શરમ નથી? તમે ભારત માતાને વેચી દીધી.

તેમણે કહ્યું કે, ભારતના લોકો પાસે સૌથી વધુ ડેટા છે. ડેટાની સુરક્ષા સૌથી મહત્વની છે. આપણા લોકોની પ્રતિભા (ટેલેન્ટ) અને વિચારો પર કબજો કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. અમેરિકા અને ચીનની નજર આપણા ડેટા પર છે. જો બાંગ્લાદેશ ટેક્સટાઈલ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ કરે છે, તો તેના પર ઝીરો ટેરિફ છે. આપણી ટેક્સટાઈલ ઉદ્યોગ ખતમ થઈ ગયો. અમેરિકી નિર્યાત વધ્યો, આપણને શું મળ્યું? ટ્રમ્પે ટેરિફ વધારી દીધા. હવે શું અમેરિકા નક્કી કરશે કે આપણે ક્યાંથી તેલ ખરીદવું જોઈએ? આવું કોઈ વડાપ્રધાને કર્યું નથી. એક સુપર પાવરનો યુગ પૂરો થઈ ગયો છે. અમેરિકા જો આ કહે છે કે તમે અહીંથી તેલ નહીં ખરીદી શકો, તો તેનો અર્થ એ થાય કે એનર્જી સેક્ટરનું વેપનાઈઝેશન થઈ રહ્યું છે. અમેરિકા ટેરિફ વધારે છે, તો તેનો અર્થ ફાઈનાન્સ સેક્ટરનું વેપનાઈઝેશન થઈ રહ્યું છે. સરકારને શરમ આવવી જોઈએ.રાહુલ ગાંધીએ કહ્યું કે, ટ્રેડ ડીલમાં કેન્દ્રએ ગરીબ ખેડૂતોને કચડી નાખવાનો રસ્તો ખોલી નાખ્યો છે, આવું કોઈ વડાપ્રધાને પહેલા ક્યારેટ નથી કર્યું. ઈતિહાસમાં પહેલીવાર આપણા ખેડૂતો સંકટનો સામનો કરી રહ્યા છે. અમેરિકાની આયાત ૪૬ અરબ ડોલરથી વધીને ૧૪૬ અરબ ડોલર થઈ જશે. આપણો ટેરિફ ૩%થી વધીને ૧૮% થઈ ગયો છે, અને તેમનો ટેરિફ ૧૬%થી ઘટીને શૂન્ય થઈ ગયો છે.

# સાબુમાંથી સ્વાવલંબન સુધી : લીલીયા તાલુકાના ગોઢાવદર ગામની મહિલાએ રચી આત્મનિર્ભરતાની સુગંધિત કહાણી







અમરેલી જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં હવે મહિલાઓ માત્ર ઘરગથ્થુ કામ સુધી સીમિત નથી રહી, પરંતુ આત્મનિર્ભર બની પોતાના પરિશ્રમથી આર્થિક રીતે મજબૂત બની રહી છે. આવી જ એક પ્રેરણાદાયી કહાણી લીલીયા તાલુકાના ગોઢાવદર ગામની મહિલા નીતાબેન ગજેરાની છે, જેમણે સાબુ બનાવવાના વ્યવસાય દ્વારા પોતાનું અને પરિવારનું જીવન બદલ્યું છે. માત્ર ધોરણ ૧૦ સુધી અભ્યાસ કરેલી નીતાબેન ગજેરાએ એક વર્ષ પહેલા ઘરેથી જ સાબુ બનાવવાનું શરૂ કર્યું હતું. શરૂઆતમાં નાનકડા પાયે શરૂ કરેલા આ પ્રયાસ આજે સમગ્ર ગુજરાત સુધી પહોંચ્યો છે. નીતાબેન હાલમાં એલોવેરા, લીમડા, કેસુડો, મોગરા, કપૂર સહિત કુલ ૧૨ પ્રકારના હર્બલ અને કુદરતી સાબુ બનાવે છે. આ તમામ સાબુઓમાં કુદરતી ઘટકોનો ઉપયોગ થતો હોવાથી લોકોમાં તેની માંગ સતત વધી રહી છે. નીતાબેન ગજેરાના જણાવ્યા મુજબ, તેઓ પ્રતિ નંગ સાબુ ૨૫ રૂપિયાના ભાવે વેચે છે. દર મહિને અંદાજે ૫૦૦૦ જેટલા સાબુનું વેચાણ થાય છે. ગોઢાવદર ગામ જેવા ગ્રામ્ય વિસ્તારમાં રહીને પણ તેઓ સમગ્ર ગુજરાતમાં કુરિયર મારફતે સાબુ મોકલે છે. શહેરો ઉપરાંત નાના ગામડાઓમાંથી પણ તેમના સાબુ માટે ઓર્ડર મળવા લાગ્યા છે. આ સાબુ વ્યવસાયથી નીતાબેનને દર મહિને અંદાજે ૭૦ હજાર રૂપિયાથી વધુની આવક થાય છે. આ આવક માત્ર નીતાબેન માટે જ નહીં, પરંતુ તેમના પરિવાર માટે પણ મોટો આધાર બની છે. પહેલાં જયાં ઘરખર્ચ ચલાવવો મુશ્કેલ બનતો હતો, ત્યાં આજે તેઓ સ્વાભિમાન સાથે પોતાના પગ પર ઊભા છે. ગ્રામીણ વિસ્તારમાં મહિલાઓ આત્મનિર્ભર બને તે માટે સરકાર અને વિવિધ સંસ્થાઓ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે, પરંતુ નીતાબેન ગજેરા જેવી મહિલાઓ એ સાબિત કરી રહી છે કે સાચી પ્રેરણા અને મહેનત હોય તો ઓછા સાધનોમાં પણ મોટું સ્વપ્ન સાકાર કરી શકાય છે. ઘરેલું સ્તરે શરૂ થયેલો સાબુ બનાવવાનો વ્યવસાય આજે એક સફળ ઉદ્યોગ બની ગયો છે. ગોઢાવદર ગામની નીતાબેન ગજેરા આજે અન્ય મહિલાઓ માટે પ્રેરણા બની છે. અનેક મહિલાઓ તેમના સંપર્કમાં આવી સાબુ બનાવવાની માહિતી મેળવી રહી છે. નીતાબેનનું માનવું છે કે જો મહિલાઓને યોગ્ય માર્ગદર્શન અને આત્મવિસ મળે તો તેઓ પણ આ રીતે પોતાનું સ્વાવલંબન ઊભું કરી શકે. સુગંધિત સાબુ સાથે જોડાયેલી આ સફળતાની કહાણી એ દર્શાવે છે કે અમરેલી જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ હવે નવી દિશામાં આગળ વધી રહી છે અને આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરી રહી છે.

# સાવરકુંડલા : પીઠવડીના ખેડૂતે રતાળુની ખેતીથી કરી લાખોની કમાણી, જંગલી પશુઓથી પણ સુરક્ષિત પાક







અમરેલી જિલ્લામાં ખેડૂતો હવે પરંપરાગત ખેતી છોડીને નવનવી અને વૈકલ્પિક ખેતી તરફ આગળ વધી રહ્યા છે. ખર્ચ ઓછો, જોખમ ઓછું અને નફો વધુ મળે તેવી ખેતી ખેડૂતો માટે આશીર્વાદરૂપ બની રહી છે. આવી જ એક પ્રેરણાદાયી કહાની અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના પીઠવડી ગામના ખેડૂત વિનુભાઈ બાળધાની છે, જેમણે રતાળુની ખેતી કરીને ઉત્તમ સફળતા મેળવી છે. તેઓએ ધોરણ ૧૦ સુધી અભ્યાસ કર્યો છે અને ખેતીને જ પોતાનું મુખ્ય વ્યવસાય બનાવ્યું છે. પરંપરાગત પાકોમાં ખર્ચ વધતો અને આવક અનિશ્ચિત રહેતી હોવાથી તેમણે કંઈક અલગ વિચાર કર્યો. ગયા વર્ષે પ્રયોગરૂપે રતાળુની ખેતી શરૂ કરી અને પ્રથમ જ વર્ષે તેમને સારો પ્રતિસાદ મળ્યો. સફળતા મળતાં આ વર્ષે પણ તેમણે ૫ વીઘામાં રતાળુનું વાવેતર કર્યું છે અને હાલ ઉત્પાદન પણ ખૂબ સારૂં મળી રહ્યું છે. રતાળુની ખેતીનું સૌથી મોટું ફાયદો એ છે કે આ પાકને જંગલી પશુઓથી મોટું નુકસાન થતું નથી. વિનુભાઈ જણાવે છે કે આ પાકને ન તો જંગલી ભૂંડ ખાઈ શકે છે અને ન તો નીલગાય નુકસાન પહોંચાડી શકે છે. તેથી પાકની રક્ષા માટે વધારાનો ખર્ચ કરવો પડતો નથી. આ કારણસર રતાળુને ‘ ‘જંગલી પાક’’ તરીકે પણ ઓળખવામાં આવે છે. ખેતી ખર્ચ વિશે વાત કરતાં જણાવે છે કે એક વીઘામાં અંદાજે ૫૦,૦૦૦ જેટલો ખર્ચ થાય છે. જ્યારે ઉત્પાદન તરફ નજર કરીએ તો એક વીઘામાંથી ૧,૫૦,૦૦૦ થી ૧,૭૦,૦૦૦ સુધીની આવક મળી જાય છે. એટલે કે ખર્ચ ઘટાડ્યા બાદ પણ ખેડૂતને નોંધપાત્ર નફો મળે છે. બજારમાં રતાળુની માંગ સતત રહેતી હોવાથી ભાવ પણ સારા મળે છે. રતાળુની ખેતીમાં પાણીની જરૂરિયાત પણ મર્યાદિત હોય છે અને જમીન પર ખાસ ભાર પડતો નથી. આ પાક ઓછા સમયમાં તૈયાર થતો હોવાથી ખેડૂતને ઝડપી આવક મળે છે. સાથે સાથે ખેતીમાં જોખમ પણ ઓછું રહે છે, જે આજના સમયમાં ખૂબ મહત્વનું છે. તેઓની સફળતા જોઈને આસપાસના ખેડૂતો પણ હવે રતાળુ જેવી વૈકલ્પિક ખેતી તરફ આકર્ષાઈ રહ્યા છે. તેઓ કહે છે કે જો યોગ્ય માર્ગદર્શન અને મહેનત કરવામાં આવે તો રતાળુની ખેતી નાના અને મધ્યમ ખેડૂતો માટે ખૂબ લાભદાયી સાબિત થઈ શકે છે. અમરેલી જિલ્લાના ખેડૂતો માટે આ સફળતા એક નવી દિશા સૂચવે છે. પરંપરાગત ખેતીની સાથે જો નવી અને બજારલક્ષી ખેતી અપનાવવામાં આવે તો ખેડૂતો પોતાની આવકમાં નોંધપાત્ર વધારો કરી શકે છે અને આત્મનિર્ભર બની શકે છે.

### વિશ્વ વંદનીય પરમ પૂજ્ય મોરારીબાપુની પાવન નિશ્રામાં યોજાશે

## સાવરકુંડલાના આંગણે રતિલાલ બોરીસાગરનો ૧૯ ફેબ્રુઆરીએ ‘‘પદ્મશ્રી ગૌરવ સન્માન ઉત્સવ’’

**સમારોહના સાક્ષી બનવા માટે ‘એન્જોયગ્રાફી’ નાટકની જામશે જમાવટ**

સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલાની ધરતીના છોરૂં, સાવરકુંડલાના અણમોલ રત્ન, પ્રખર હાસ્યલેખક અને આદર્શ વિદ્યાગુરૂ આદરણીય રતિલાલ બોરીસાગર સાહેબને ભારત સરકાર દ્વારા શિક્ષણ અનેસાહિત્ય ક્ષેત્રે અમૂલ્ય પ્રદાન બદલ ‘પદ્મશ્રી’ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ ઐતિહાસિક સિદ્ધિને વધાવવા માટે સમગ્ર સાવરકુંડલા પંથકની જનતા અને વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા આગામી તારીખ ૧૯/૦૨/૨૦૨૬ના રોજ એક ભવ્ય ‘પદ્મશ્રી ગૌરવ સન્માન ઉત્સવ’નું આયોજન કરવામાં આવ્યું છે.

લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના પટ્ટાંગણમાં યોજાનાર આ કાર્યક્રમ વિ વંદનીય પરમ પૂજ્ય મોરારીબાપુની પાવન ઉપસ્થિતિમાં સંપન્ન થશે. રતિલાલ માત્ર એક લેખક જ નહીં, પરંતુ વિદ્યાગુરૂ ફાઉન્ડેશનના પાયાના માર્ગદર્શક અને પથ્થર સમાન રહ્યા છે. તેમના સન્માનથી સંસ્થાના ટ્રસ્ટીગણ, મેનેજમેન્ટ અને કર્મચારીઓમાં હર્ષની હેલી જોવા મળી રહી છે.

સન્માન સમારોહના ભાગરૂપે સાંજે ૭ કલાકે એક વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું છે. જેમાં મુંબઈના સુપ્રસિદ્ધ કલાકાર રાજુલ દિવાન, રતિલાલ બોરીસાગરની ચર્ચિત કૃતિ ‘ એન્જોયગ્રાફી’ પર આધારિત એકપાત્રી નાટક (મોનોલોગ) રજૂ કરશે. હાસ્ય અને જીવનદર્શનના આ સમન્વય દ્વારા ઉપસ્થિત શ્રોતાઓને જીવનને આનંદપૂર્વક જીવવાની પ્રેરણા મળશે.

આ માટે સાવરકુંડલાની સંસ્કારી જનતાને આ ગેરવમય ક્ષણોના સાક્ષી બનવા અને પોતાના પનોતા પુત્રને વધાવવા માટે વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ ઉત્સવ સાહિત્ય, શિક્ષણ અને સંસ્કૃતિનો અનોખો સંગમ બની રહેશે.

કાર્યક્રમની રૂપરેખા આ પ્રમાણે છે. તારીખઃ ૧૯/૦૨/૨૦૨૬ (ગુરૂવાર) સમયઃ સાંજે ૭ઃ૦૦ કલાકે સ્થળ : લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરનું પટ્ટાંગણ, સાવરકુંડલા.

વિશેષ ઉપસ્થિતિ : પરમ પૂજ્ય મોરારીબાપુ તો આ અલભ્ય અણમોલ ઘડીના સાક્ષી બનવા માટે શ્રી વિદ્યાગુઢ ફાઉન્ડેશનના પ્રમુખ હરેશભાઈ મહેતા દ્વારા સમગ્ર સંસ્થા વતી સાવરકુંડલાની કદરદાન જનતાને ઉપસ્થિત રહેવ માટે હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

### પૌરાણીક અને પ્રાચીન તીર્થધામ

## કનકાઈ મંદિરે નવ નિયુક્ત પ્રદેશ ભાજપ મહામંત્રી ડો. પ્રશાંત કોરાટની સાકરતુલા

**મંદિરનાં ટ્રસ્ટી દ્વારા શરણાઈ સાથે સ્વાગત કરાયું**




અમરેલી, તા. ૧૧

પૌરાણિક અને પ્રાચીન તીર્થધામ કનકાઈ મંદિરે નવનિયુકત પ્રદેશ ભાજપ મહામંત્રી ડો. પ્રશાંત કોરાટની સાકરતુલા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં જેમાં મંદિર ટ્રસ્ટ દ્વારા ઢોલ અને શરણાઈ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ માતાજીની આરતી માતાજીનું પુજન શાકરતુલા અને પછી વિસાવદરથી આવેલ સર્વ સમાજના આગેવાનો દ્વારા સન્માન કરવામાં આવ્યુ હતું.

### લોકસભામાં વિપક્ષના નેતાએ કર્યા હતા કેન્દ્ર પર પ્રહાર

## રાહુલ ગાંધી વિરુદ્ધ વિશેષાધિકાર ભંગ પ્રસ્તાવ લાવવાની તૈયારીમાં સરકાર

**અમે રાહુલ ગાંધી વિરુદ્ધ ગૃહને ગેરમાર્ગે દોરવા બદલ વિશેષાધિકાર નોટિસ દાખલ કરવા જઈ રહ્યા છીએ : રિજિજુ**

નવી દિલ્હી, તા.૧૧

લોકસભામાં બજેટ પરની ચર્ચાના બીજા દિવસે વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કોમ્બેટ સ્પોર્ટ્સ ટેક્નિક્સના ઉદાહરણથી શરૂઆત કરતા કહ્યું કે, ‘માર્શલ આર્ટ્સમાં એક ક્રમ હોય છે, ગ્રીપ (પકડ), ચોક (ગળું દબાવવું) અને ટેપ (હાર સ્વીકારવી). આ ગ્રીપ રાજકારણમાં પણ અસ્તિત્વ ધરાવે છે. જો કે, રાજકારણમાં આ ગ્રીપ, ચોક અને ટેપ હંમેશા છુપા રહે છે.’ આ રીતે શરૂઆત કરીને રાહુલ ગાંધીએ ચેતવણી આપી કે ‘ભારત હાલમાં એક ખતરનાક અને અનિશ્ચિત વિશ્વમાં પ્રવેશી રહ્યું છે, જ્યાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ડેટા અને એનર્જીનો હથિયાર તરીકે ઉપયોગ થઈ રહ્યો છે.’ ત્યાર પછી તેમણે એપસ્ટિન ફાઈલ, ભારત-યુએસ ડીલ, ટેરિફ, ડેટા સુરક્ષા, ઓઈલ ખરીદી અને અદાણી સહિતના મુદ્દા ઉઠાવીને કેન્દ્ર સરકાર પર જોરદાર પ્રહાર કર્યા હતા. ત્યારબાદ હવે સરકાર રાહુલ ગાંધી વિરૂદ્ધ વિશેષાધિકાર ભંગનો પ્રસ્તાવ લાવવા જઈ રહી છે. કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે, અમે રાહુલ ગાંધી વિરુદ્ધ ગૃહને ગેરમાર્ગે દોરવા અને પાયાવિહોણા નિવેદનો આપવા બદલ વિશેષાધિકાર નોટિસ દાખલ કરવા જઈ રહ્યા છીએ. લોકસભા અને રાજ્યસભામાં કાર્યવાહી અને કાર્યવાહીના સ્પષ્ટ નિયમો છે. જ્યારે કોઈ સભ્ય બીજા સભ્ય વિરુદ્ધ ગંભીર આરોપ મૂકવા માંગે છે, ત્યારે તેણે નોટિસ આપીને આરોપને સમર્થન આપવું જોઈએ. મેં રાહુલ ગાંધીને ગૃહમાં હાજર રહેવા અને તેમણે ઉઠાવેલા મુદ્દાઓને સમર્થન આપવા વિનંતી કરી છે. રાહુલ ગાંધીએ સરકાર અને વડાપ્રધાન વિરુદ્ધ પાયાવિહોણા અને ખોટા આરોપો લગાવ્યા છે, દાવો કર્યો છે કે વડાપ્રધાને ભારત અને ભારતીય હિતોને વેચી દીધા છે. કયા આધારે? તેમણે નોટિસ વિના હરદીપ સિંહ પુરી વિરુદ્ધ ગંભીર આરોપો લગાવ્યા છે.

રાહુલ ગાંધીએ સંસદમાં મોદી સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, ‘અમેરિકા ભારતના નિર્ણયો કેવી રીતે લઈ શકે? અમારું કૃષિ ક્ષેત્ર અમેરિકા માટે મોદી સરકારે ઓપન કરી દીધું. સરકારે ખેડૂતો વિશે જરાય ન વિચાર્યું. ભારતને વેચીને તેમને શરમ નથી આવતી. અમેરિકાનો ટેરિફ ત્રણ ટકા હતો જે હવે વધીને ૧૮ ટકાએ પહોંચી ગયો છે. પીએમ મોદી ડરી રહ્યા છે.’ રાહુલ ગાંધીએ કહ્યું કે ‘પીએમ મોદી બે કારણોસર ડરી રહ્યા છે જેમાં એક છે એપસ્ટિન. ગૌતમ અદાણી કોઈ સામાન્ય બિઝનેસમેન નથી. તેમની કંપની સામે અમેરિકામાં કેસ છે, પરંતુ તેમનો ટારગેટ પીએમ છે, અદાણી નહીં. આ કંપની ભાજપનું ફાઈનાન્શિયલ સ્ટ્રક્ચર છે. અનિલ અંબાણી જેલમાં કેમ નથી? તેનું પણ કારણ એપસ્ટિન ફાઈલ જ છે. હરદીપ સિંહ પુરીનું નામ પણ એમાં છે. તેઓ તો મોદી સરકારમાં મંત્રી છે. તેઓ આ ગૃહના સભ્ય છે.’

## દેશમાં તાજેતરમાં બાળકોના ગૂમ થવાની ઘટનાઓ વધી

નવી દિલ્હી, તા.૧૧

દેશમાં તાજેતરમાં બાળકોના ગૂમ થવાની ઘટનાઓ વધી રહી છે, ગૂમ થતા બાળકોની આ ઘટનાઓ પાછળ કોઈ દેશવ્યાપી નેટવર્ક છે કે કેમ તેની તપાસ કરવા સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આદેશ કર્યો છે. સુપ્રીમે કેન્દ્રને કહ્યું છે કે આ દેશવ્યાપી નેટવર્ક છે કે પછી માત્ર રાજ્યો પુરતા મામલા છે તેની ચકાસણી કરીને વિગતવાર રિપોર્ટ રજુ કરવામાં આવે. કેટલાક બાળકો અને ક્યાંથી ગૂમ થયા કે અપહરણ કરાયું તેના છેલ્લા છ વર્ષના ડેટા એકઠા કરવામાં આવે. બાળકોના ગુમ થવાના વધી રહેલા કેસોને લઈને એક સંસ્થા દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી છે. જેની સુનાવણી દરમિયાન ન્યાયાધીશ બી વી નાગરત્ના, ન્યાયાધીશ ઉજ્જ્વલ ભુયાનની બેંચ દ્વારા કેન્દ્ર સરકાર પાસેથી ડેટા માગવામાં આવ્યા હતા. જવાબમાં કેન્દ્ર તરફથી હાજર એડિશનલ સોલિસિટર જનરલે કહ્યું હતું કે કેટલાક રાજ્યો દ્વારા બાળકોના ગુમ થવાના ડેટા આપવામાં આવ્યા છે પરંતુ અનેક રાજ્યો એવા છે કે જેણે આવા કોઈ જ ડેટા નથી આપ્યા. કેન્દ્ર સરકારને તમામ ડેટા મળે પછી જ બાળકોના ગુમ થવા કે અપહરણના મામલાની પેટર્નની તપાસ થઈ શકે. સુપ્રીમની બેંચે સવાલ કર્યો હતો કે બાળકો ગુમ થઈ રહ્યા છે તે પાછળ રાષ્ટ્રવ્યાપી નેટવર્ક છે કે રાજ્યો પુરતા સિમિત છે તે અમારે જાણવું છે. જે પણ રાજ્યોએ કેન્દ્ર સરકાર સમક્ષ બાળકોના ગુમ થવાના ડેટા પુરા નથી પાડયા તેની પણ સુપ્રીમે ઝાટકણી કાઢી હતી સાથે જ આકરા આદેશની ચેતવણી પણ આપી હતી. એનજીઓની જાહેર હિતની અરજીમાં એવો દાવો કરાયો છે કે અનેક રાજ્યોમાં બાળકો ગુમ થયા છે તેની બાદમાં કોઈ જ જાણકારી નથી મળી શકી, આ પહેલા નવ ડિસેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટે ગુમ બાળકોના છ વર્ષના ડેટા એકઠા કરવા અને આ મુદ્દે રાજ્યો સાથે તાલમેલ બેસાડવા માટે ગૃહ મંત્રાલયમાં એક અધિકારીને નિમવા આદેશ કર્યો હતો. આ પહેલા સુપ્રીમ કોર્ટે ૧૮ નવેમ્બરના રોજ નોંધ્યું હતું કે એક ન્યૂઝ રિપોર્ટ મુજબ દેશમાં દર આઠ મિનિટે એક બાળક ગુમ થઈ રહ્યું છે. જેને સુપ્રીમ કોર્ટે અત્યંત ગંભીર મામલો ગણાવ્યો હતો.

### સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા

## લીલીયા મોટા ખાતે રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) હેઠળ વાર્ષિક શિબિર યોજાઈ

**વિદ્યાર્થીઓમાં શિસ્ત, સંસ્કાર તથા રાષ્ટ્રનિર્માણના મૂલ્યો વિકસાવવાની નેમ**



અમરેલી, તા. ૧૧

સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, લીલીયા દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) હેઠળ તા.૩/૨/૨૦૨૬ થી તા.૯/૨/૨૦૨૬ દરમિયાન સાત દિવસીય એન.એસ.એસ. વાર્ષિક વિશેષ શિબિરનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. શિબિરનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સેવા ભાવના, સામાજિક જવાબદારી, શિસ્ત, સંસ્કાર તથા રાષ્ટ્રનિર્માણના મૂલ્યો વિકસાવવાનો હતો. ઉદ્‌ઘાટન પ્રસંગે લીલીયા સરકારી કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, એન.એસ.એસ. વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકની બહાર જઈ સમાજને નજીકથી સમજવાની તક આપે છે. સેવા દ્વારા વ્યક્તિત્વ વિકાસ શક્ય બને છે. તેમણે વિદ્યાર્થીઓને સમાજહિત માટે સક્રિય રીતે જોડાવા પ્રેરણા આપી હતી. ઉલ્લેખનીય છે કે, ઉદ્‌ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ગોઢાવદરના પૂર્વ સરપંચ વિજયભાઈ ગજેરા ઉપસ્થિત રહ્યા હતા. શિબિર દરમ્યાન એન.એસ.એસ. સ્વયંસેવકો દ્વારા વિવિધ લોકહિતકારી અને જાગૃત્તિસભર પ્રવૃત્તિઓ યોજવામાં આવી. જેમાં ગ્રામ સફાઈ અભિયાન, શ્રમદાન, સ્વચ્છતા જાગૃતિ, વ્યસનમુકિત અભિયાન, આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ, યોગ અને શારીરિક તંદુરસ્તી સત્ર, પર્યાવરણ સંરક્ષણ, વૃક્ષારોપણ, માર્ગ સુરક્ષા સલામતી તથા વિવિધ વ્યાખ્યાન સત્રો સમાવિષ્ટ છે. શિબિર દરમિયાન વિદ્યાર્થીઓએ પ્રભાત ફેરી યોજીને શાંતિનો સંદેશ પ્રસારિત કર્યો હતો. તેમજ ગ્રામજનો સાથે સીધો સંપર્ક સાધી તેમની સમસ્યાઓને સમજવાનો અને સામૂહિક રીતે ઉકેલ માટે વિચારવિમર્શ કર્યો હતો. વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ ક્ષમતા, ટીમ વર્ક, શિસ્ત, સમયપાલન અને સમાજ પ્રતિ સંવેદનશીલતા વિકસતી જોવા મળી છે.

ઉલ્લેખનીય છે કે, National Service Schemeની શરૂઆત ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૬૯માં પૂ. મહાત્મા ગાંધીજીના જન્મશતાબ્દી વર્ષ દરમિયાન કરવામાં આવી હતી, જેનો મુખ્ય ઉદ્દેશ યુવાનોને સમાજ સાથે જોડીને રાષ્ટ્રનિર્માણમાં સક્રિય ભાગીદાર બનાવવાનો છે. એન.એસ.એસ.નું સૂત્ર "Not Me, But You" નિસ્વાર્થ સેવા અને ત્યાગની ભાવનાનું પ્રતીક છે, જે વિદ્યાર્થીઓને સમાજના હિત માટે કાર્ય કરવા પ્રેરિત કરે છે.એન.એસ.એસ. વાર્ષિક વિશેષ શિબિર વિદ્યાર્થીઓ માટે જીવનમૂલ્ય,સેવાભાવ અને સામાજિક જવાબદારી ઉપરાંત શીખવાનો એક યાદગાર તથા પ્રેરણાદાયક અનુભવ સાબિત થયો હતો.શિબિરના સમાપન પ્રસંગે ગોઢાવદર પ્રાથમિક શાળા આચાર્ય વર્ષાબેન જોષી, દાતા લાલજીભાઈ ભુવા, સુરેશભાઈ ગજેરા, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. વિરાજબેન રાઠોડ સહિતના સ્ટાફ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## ૮મા પગારપંચ અંગે સરકારે સંસદમાં નવી માહિતી શેર કરી

નવી દિલ્હી, તા.૧૧

૮મા પગારપંચ અંગે સરકારે સંસદમાં નવી માહિતી શેર કરી છે. જેમાં સરકારે સ્પષ્ટતા કરી છે કે, ૮મા કેન્દ્રીય પગારપંચની ઔપચારિક રચના થઈ ગઈ છે અને નિર્ધારિત સમયમર્યાદામાં તેની ભલામણો રજૂ કરશે. રાજ્યસભામાં પૂછાયેલા પ્રશ્નોના લેખિત જવાબમાં નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે, પગારપંચની રચના માટેનું જાહેરનામું ૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ જારી કરવામાં આવ્યું હતું. સાંસદો સરકાર પાસેથી જાણવા માંગતા હતા કે, કમિશન કયા મુદ્દાઓની સમીક્ષા કરશે અને તેની ભલામણોને લાગુ કરવા માટે સંભવિત સમયમર્યાદા શું હશે.સરકાર મુજબ, ૮મા પગારપંચમાં કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનધારકોના પગાર ધોરણ, ભથ્થુ, પેન્શન માળખું અને સેવા શરતોની સમીક્ષા કરાશે. નાણાં રાજ્યમંત્રી પંજક ચૌધરીએ જણાવ્યું હતું કે, કમિશનને તેનો રિપોર્ટ રજૂ કરવા માટે ૧૮ મહિનાનો સમય આપવામાં આવ્યો છે. વર્તમાન સમયરેખાને જોતાં રિપોર્ટ ૨૦૨૭ સુધીમાં આવવાની સંભાવના છે. જોકે, સરકારે હજુ સુધી ભલામણોના અમલીકરણ માટેનો રોડમેપ જાહેર કર્યો નથી કે તબક્કાવાર યોજના વિકસાવવામાં આવી છે કે નહીં. સંસદમાં એ સવાલ પણ ઉઠ્યો હતો કે, ૮મા પગારપંચની ભલામણ લાગુ થવાથી કેન્દ્ર સરકારના બજેટ પર કેટલું બોજ પડશે. આ મામલે સરકારે કહ્યું કે, હાલના ધોરણે કિંમતનું આકલન કરવું શક્ય નથી. કમિશનની ભલામણ અને સરકાર દ્વારા તેનો સ્વીકાર કર્યા બાદ તેમાં વાસ્તવિક નાણાકીય પ્રભાવનો અંદાજ લગાવી શકાશે. એનો મતલબ છે કે, બજેટની યોજના કમિશનના અંતિમ રિપોર્ટ બાદ તૈયાર કરાશે. આ દરમિયાન, કર્મચારી સંગઠનોએ સરકાર પર દબાણ વધારવાનું શરૂ કર્યું છે. કોન્ફેડરેશન ઓફ સેન્ટ્રલ ગવર્નમેન્ટ એમ્પ્લોઈઝ એન્ડ વર્કર્સ(CCGEW)એ ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ દેશવ્યાપી એક દિવસીય હડતાળની જાહેરાત કરી છે. તેમની માંગણીઓમાં ૨૦% વચગાળાની રાહત, મોંઘવારી ભથ્થાનું ૫૦% મૂળ પગાર સાથે મર્જર, અને NPS નાબૂદ અને જૂની પેન્શન યોજના(OPS)ના અમલીકરણનો સમાવેશ થાય છે. સંસદમાં પ્રશ્નો અને રસ્તાઓ પર વધતા દબાણ વચ્ચે બધાની નજર ૮મા પગારપંચના અમલીકરણ પર રહેશે.

# ચલાલા : જમીન અને જીવ બચાવવા પ્રાકૃતિક ખેતી જરૂરી : પ્રગતિશીલ મહિલા ખેડૂત






આજના સમયમાં રાસાયણિક ખેતીના અતિઉપયોગથી જમીનની તંદુરસ્તી બગડી રહી છે, માનવ સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર પડી રહી છે અને પર્યાવરણ માટે પણ જોખમ ઊભું થયું છે. આવી સ્થિતિમાં પ્રાકૃતિક અને ગાય આધારિત ખેતી જ એકમાત્ર ટકાઉ વિકલ્પ છે આવો દઢ વિસ વ્યકત કરતાં પ્રગતિશીલ મહિલા ખેડૂત કોકિલાબેન કાકડીયાએ દરેક ખેડૂત અને ખાસ કરીને મહિલાઓને પ્રાકૃતિક ખેતી અપનાવવાનું આહ્વાન કર્યું છે. તેઓએ જણાવ્યું કે તેમની પાસે કુલ ૧૫૦ વીઘા જમીન છે, જેમાંથી ૪૦ વીઘા વિસ્તારમાં તેઓ પ્રાકૃતિક બાગાયત ખેતી કરે છે. આ બાગાયતી ખેતરમાં આંબા, ચીકુ સહિતના વિવિધ બાગાયત પાકોનું સફળતાપૂર્વક વાવેતર કરવામાં આવ્યું છે. આ સાથે એક વીઘા વિસ્તારમાં ફૂલની ખેતી અને અન્ય ભાગમાં ઘાસચારાનું વાવેતર પણ કરવામાં આવે છે, જે પશુપાલન માટે ઉપયોગી બને છે. ખેતરમાં ૮ પશુઓ છે અને તેમના ગોમૂત્ર તથા ગોબરનો સંપૂર્ણ ઉપયોગ ખેતીમાં થાય છે આ જ પ્રાકૃતિક ખેતીનો આધારસ્તંભ છે. પ્રાકૃતિક પદ્ધતિથી ખેતી કરવાના પરિણામે કોકિલાબેનને નોંધપાત્ર લાભ મળ્યો છે. તેમણે જણાવ્યું કે ૪૦ વીઘા જમીનમાંથી એક જ સિઝનમાં ૨૫ લાખ રૂપિયાથી વધુનું ઉત્પાદન મેળવી શકાય છે. ઓછો ખર્ચ, જમીનની ઉર્વરતા જાળવી રાખવી અને પાકની ગુણવત્તા વધારવી આ ત્રણેય લાભો એક સાથે મળતા હોવાથી પ્રાકૃતિક ખેતી ખેડૂતો માટે નફાકારક સાબિત થઈ રહી છે. તેઓએ વધુમાં જણાવ્યું કે પ્રાકૃતિક ખેતી માટે તેમણે પોતે જ ૫૦ ટ્રેક્ટર ટ્રોલી જેટલું ખાતર તૈયાર કર્યું છે. આ ખાતરમાં અલસીયા (કીડા) ભરપૂર માત્રામાં છે, જે જમીનને જીવંત બનાવે છે. હાલ આ ખાતર આંબાતથા ફૂલના પાકમાં નાખવામાં આવી રહ્યું છે. આગામી સમયમાં ગુબાળ (વર્મીકોમ્પોસ્ટ)ની ખેતી શરૂ કરવાની યોજના પણ છે અને તે દિશામાં તૈયારી ચાલી રહી છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે જો પ્રાકૃતિક ખેતી નહીં કરવામાં આવે તો રોગો વધશે. રોગો વધશે તો માનવજીવન જોખમમાં પડશે. તેથી જમીન બચાવવા અને જીવ બચાવવા ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવી અનિવાર્ય બની ગઈ છે. પ્રાકૃતિક ખેતી માત્ર ઉત્પાદન મેળવવાનો રસ્તો નથી, પરંતુ તે સ્વસ્થ સમાજ અને સુરક્ષિત ભવિષ્ય માટેનું આંદોલન છે. અંતમાં તેઓએ દરેક ખેડૂત અને મહિલાઓને સંદેશ આપ્યો કે, ‘‘આપણી ધરતી માતાનું રક્ષણ કરવું આપણું કર્તવ્ય છે. ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવશો તો જમીન પણ બચશે અને આપણું સ્વાસ્થ્ય પણ સુરક્ષિત રહેશે.’’

# અમરેલી : ભાજપ કાર્યાલય ખાતે પં. દીનદયાળ ઉપાધ્યાયનાં નિર્વાણ દિને ભાવવંદના કરાઈ






ભારતીય જનતા પાર્ટીના આદર્શ, જનસંઘનાં સ્થાપક, એકાત્મ માનવ દર્શન તેમજ અંત્યોદય વિચારધારાનાં વાહક પં. દીનદયાળ ઉપાધ્યાયજીની પુણ્યતિથિએ અમરેલી જીલ્લા ભાજપ કાર્યાલયે ભાજપ આગેવાનો ધ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. ૧૯૬૮ની સાલમાં ૧૧ ફેબુઆરીએ ટ્રેન મુસાફરી દરમિયાન ભેદી સંજોગોમાં પંડિતજીનું નિધન થયેલું. સંગઠન અને અંત્યોદયને જીવનમંત્ર બનાવનાર પં.દીનદયાળ ઉપાધ્યાયજીનાં નિર્વાણ દિવસને ભારતીય જનતા પાર્ટી ધ્વારા 'સમર્પણ દિન' તરીકે મનાવવામાં આવે છે. તે અંતર્ગત અમરેલી જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીનાં માર્ગદર્શનમાં પ્રદેશ ભાજપ અગ્રણી અને ભાવનગર મહાનગરનાં પૂર્વ પ્રમુખ અભયસિંહ ચૌહાણ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં અન પં. દીનદયાળજીના જીવન–કવન વિશે તેમજ તેમણે બાળપણથી વેઠેલ કપરી પરિસ્થિતિ, જીવનભર સંઘર્ષ છતાં સંગઠન પ્રત્યેની તેમની પ્રતિબધ્ધતા વિશે કાર્યકરોને ઉદાહરણ સહિત પ્રેરક સંબોધન કર્યુ હતું. અભયભાઈ પોતે સ્વયંસેવક અને વર્ષોથી કસાયેલા કાર્યકર હોય પક્ષનાં મૂલ્યો, નેતાઓનું સમર્પણ તેમજ શિસ્ત પ્રણાલિની સટિક વાતો કહી હતી. લગ્ન સિઝન હોવા છતાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત કાર્યકરોને આવકારતાં જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ આગામી સમયમાં થનાર સંગઠનના કાર્યક્રમો, વર્ગો તેમજ વીબી જી રામજી યોજનાની ગ્રામ્ય સ્તરે જાગૃતિ લાવવા અંગે માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં અમરેલી જીલ્લા પંચાયતનાં પ્રમુખ સૂરેશભાઈ પાથર, અમરેલી જીલ્લા ભાજપનાં મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, ખજાનચી અને કાર્યક્રમનાં ઈન્ચાર્જ દિપકભાઈ વઘાસીયા, પ્રદેશ બક્ષીપંચ મોરચાના મંત્રી મયુરભાઈ માંજરિયા, મનોજભાઈ મહીડા, રેખાબેન માવદિયા, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલીયા, વિપુલભાઈ ભટ્ટી, અલકાબેન ગોંડલીયા, રેખાબેન પરમાર, કોમલબેન રામાણી, આરતીબેન અટારા, કિરણબેન પડાયા, કાશ્મીરાબેન વ્યાસ, જીલ્લા પંચાયત સદસ્ય મૂકેશભાઈ બગડા, શહેર ભાજપનાં ઉપપ્રમુખ નાથુભાઈ ધાધલ, મૌલિકભાઈ ઉપાધ્યાય, ચલાલા મંડળ પ્રમુખ જીતુભાઈ કાથરોટિયા, પ્રકાશભાઈ કારિયા, ભયલુભાઈ વાળા, અશોકભાઈ ચૌહાણ, નગરપાલિકાનાં સદસ્ય ચિરાગભાઈ ત્રિવેદી, તાલુકા ભાજપનાં મધુભાઈ હરખાણી, કાળુભાઈ વાળા, વનરાજભાઈ કોઠીવાળ , દિલીપભાઈ સાવલીયા, રાજુભાઈ ધાનાણી, પ્રવિણભાઈ ચાવડા, રજનીભાઈ મકવાણા, જીજ્ઞેશભાઈ દાફડા, ડેનીભાઈ પરમાર, ખોડાભાઈ મેરિયા, હિતેષભાઈ સોલંકી, હરેશભાઈ, સંજયભાઈ, ગૌરવભાઈ મહેતા, કાર્યાલય મંત્રી મહેન્દ્રભાઈ ચાવડા સહિત જીલ્લાનાં કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં અને પં.દીનદયાળજીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી, સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિવ્યેશભાઈ વેકરિયાએ કર્યુ હતું. તેમ જીલ્લા ભાજપની યાદીમાં જણાવ્યું છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીમાં માર્ગ બનાવવાની ગતિ**

બહાર નીકળીને શહેરમાં બનતા માર્ગની ઉડતી મુલાકાત નહી પરંતુ, એક કલાક જેટલો સમય ફાળવીને પીક અવરમાં મુલાકાત લે તો ખ્યાલ આવે કે શહેરીજનો કેવા ચક્રવ્યુહમાંથી પસાર થવા મજબુર બની રહ્યા છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીમાં કહેવાતા બ્યુટીફિકેશનમાં**

પરંતુ, પાલિકા ધ્વારા બ્યુટીફિકેશનની સ્વચ્છતા, સુરક્ષા અને સુંદરતા ટકી રહે તે માટેનો બાદમાં કોઈ પ્રયાસ જ કરવામાં ન આવ્યો. બંધ થયેલ લાઈટ પૂનઃ શરૂ કરવામાં ન આવી, બંધ થયેલહીંચકાઅનેલપસણીની જાળવણી કરવામાંનઆવીઅનેસૌથીવધુસમસ્યા ગંદકીની રહી, નિયમિત કયારેય સફાઈ થઈ નહી અને અનેક વૃક્ષો પણ માવજતનાં અભાવે કરમાઈ ગયા અને બ્યુટીફિકેશનની આજે હાલત દયનીય બની ચુકી છે.

છેલ્લા ૬ મહિનાથી માર્ગની કામગીરી શરૂ હોવાથી પાલિકાનાં શાસકોએ સફાઈની કશી જ કામગીરી ન કરતાં બ્યુટીફિકેશનમાં ગંદકી વિકરાળ સ્વરૂપે જોવા મળી રહી છે.

શહેરનાં પ્રવેશદ્વાર સમાન અને જયાં એરપોર્ટનાં લીધે વીઆઈપીઓની અવારનવાર અવર જવર હોવા છતાં બ્યુટીફિકેશનની બ્યુટી જાળવવામાં પાલિકાનાં શાસકો સદંતર નિષ્ફળ સાબિત થયા છે.

સંકુલ PG ગર્લ્સને
સન્ડે મોર્નિંગ
સીટીમાં જવાની
પેરેન્ટ્સ સમંતિથી છૂટ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ
ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક
સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી. -Ad 195

પાના ૧ ઉપરનું ચાલું

**રાજુલામાં કોંગ્રેસ પક્ષે**

આગેવાનો તથા કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ટીકુભાઈ વરૂ, ગાંગાભાઈ હડિયા, રવિરાજભાઈ ધાખડા, નાયાભાઈ ગુજર, વિઠ્ઠલભાઈ સોલંકી, જે.ડી. કાછડ, હરેશભાઈ બાંભણિયા, દીપકભાઈ ત્રિવેદી, અબ્દુલભાઈ સેલોત, રસુલભાઈ દલ, રજાકભાઈ થૈયમ, હિતેશભાઈ સોલંકી, મારૂ, ઉત્સવ મારૂ, ચેતનભાઈ શિયાળ, યુવરાજભાઈ વરૂ, અબ્દુલભાઈ ચાવડા, અનકભાઈ સાખટ, વિજયભાઈ ખાસિયા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

કોંગ્રેસ સમિતિએ સ્પષ્ટ કર્યુ હતું કે મતદારોના અધિકાર સાથે કોઈપણ પ્રકારનો અન્યાય સહન કરવામાં નહીં આવે અને જરૂરી હોય તો લોકશાહી પદ્ધતિથી આગળ પણ લડત ચાલુ રાખવામાં આવશે. તેમ રવિરાજભાઈ ધાખડાની યાદીમાં જણાવ્યું છે.

## વડિયા : નેમિનાથજી મહારાજની ૩૧મી પૂણ્યતિથિ નિમિત્તે બટુક ભોજન



વડિયા, તા. ૧૧

વડિયા સુરવો નદીના કિનારે બિરાજમાન અતિ પૌરાણિક બિલેશ્વર મહાદેવ મંદિર ખાતે બ્રહ્મલીન મહંત નેમીનાથ મહારાજની ૩૧ મી પુણ્યતિથી નિમિત્તે વડિયા શહેરના તમામ બાળકોને બટુક ભોજન મહા પ્રસાદનું ભવ્ય આયોજન સ્વયંમ સેવકો દ્વારા કરવામાં આવ્યું હતું આ તકે મહિલા મંડળ દ્વારા આયોજિત ધુન ભજન કીર્તન સહિતના કાર્યક્રમો પણ કરવામાં આવ્યા હતા પુણ્યતિથી નિમિત્તે નાના નાના બાળકોને બેસાડીને બટુક ભોજન કરાવવામાં આવ્યું હતું અંદાજે એક હજાર જેટલા બાળકોએ એકી સાથે મહા પ્રસાદ આરોગી હતી વડિયા ગામના સુરવો નદીના કિનારે અંદાજે એક હજાર વર્ષ પૌરાણિક બિલેશ્વર મહાદેવના મંદિરે હજારો લોકો જોડાયા છે. અહીં મહંત વિભુતિનાથ બાપુ દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી સેવાપૂજા કરી રહ્યા છે અને બિલેશ્વર મહાદેવ મંદિરના મહંત વિભીતિનાથબાપુનો સ્વભાવ એકદમ સરળ હોવાથી લોકોનું આસ્થાનું કેન્દ્ર બની ગયું છે.

### વિકાસની ગુલબાંગો વચ્ચેની વરવી વાસ્તવિકતા

## લીલીયા મોટાનાં સરકારી દવાખાનામાં દર્દીઓને પીવાલાયક પાણીની સુવિધા ઠપ્પ

### દવાખાનાનાં અધિક્ષક યોગ્ય કરે તેવી માંગ

લીલીયા, તા. ૧૧

લીલીયા મોટાનાં સરકારી દવાખાનામાં લીલીયા સીવીલ હોસ્પિટલમાં છેલ્લા અંદાજે સાત દિવસથી પીવાના પાણીની કોઈપણ વ્યવસ્થા ન હોવાના કારણે હોસ્પિટલમાં દાખલ દર્દીઓ, તેમના સગાંસંબંધીઓ તેમજ હોસ્પિટલ સ્ટાફને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. હોસ્પિટલ જેવી અતિઆવશ્યક જગ્યા પર પીવાના પાણી જેવી ખૂબ અગત્યની જગ્યા પર જ સુવિધા ઉપલબ્ધ ન હોવી એ અત્યંત ચિંતાજનક બાબત છે.

દર્દીઓ અને એમની સાથે બાળકો સારવાર માટે હોસ્પિટલમાં આવે છે, પરંતુ જયારે તેમને પાણી પીવું



હોય ત્યારે પ્રશ્ન થાય છે કે ''પાણી માટે ક્યાં જવું ?'' આવી સ્થિતિમાં વૃદ્ધો, મહિલાઓ, બાળકો અને દર્દીઓ માટે સ્થિતિ વધુ કપરી બની ગઈ છે. આ સમગ્ર બાબત લીલીયા સીવીલ હોસ્પિટલના અધિક્ષક ડી.પી. ગાંધીની જવાબદારીમાં આવે છે.

પીવાના પાણી જેવી મૂળ ભૂત સુવિધા માટે કોઈ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવતી નથી. પરિણામે અવારનવાર દર્દીઓ તથા સ્ટાફને પીવાના પાણીના અભાવે મુશ્કેલી વેઠવી પડી રહી છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૯૦ | ૧૫૨૦ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૩૦૦ | ૧૫૮૦ |
| ૩ | શિંગ મોટી | ૯૨૦ | ૧૫૫૦ |
| ૪ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૯૫૦ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૩૩૦ | ૨૦૭૦ |
| ૬ | તલ સફેદ | ૧૨૧૦ | ૨૧૬૦ |
| ૭ | તલ કાળા | ૨૬૩૦ | ૪૨૦૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૯૭૦ | ૧૯૭૦ |
| ૯ | બાજરો | ૨૯૦ | ૪૦૦ |
| ૧૦ | જુવાર | ૮૨૫ | ૧૨૦૦ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૯૫ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૫૫ |
| ૧૩ | મકાઈ | ૨૫૦ | ૩૩૦ |
| ૧૪ | અડદ | ૭૪૦ | ૧૩૫૦ |
| ૧૫ | ચણા | ૬૪૦ | ૧૦૬૫ |
| ૧૬ | સફેદ ચણા | ૭૬૦ | ૧૧૭૦ |
| ૧૭ | તુવેર | ૬૨૫ | ૧૫૭૦ |
| ૧૮ | કપાસ | ૯૦૦ | ૧૫૯૫ |
| ૧૯ | એરંડા | ૧૦૪૦ | ૧૨૭૫ |
| ૨૦ | જીરૂ | ૩૬૦૦ | ૪૪૦૦ |
| ૨૧ | રાયડો | ૧૧૪૦ | ૧૧૪૦ |
| ૨૨ | ધાણા | ૧૫૭૦ | ૧૯૪૦ |
| ૨૩ | ધાણી | ૧૬૦૦ | ૨૨૦૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૨૫ | ૧૫૫૪ |
| ૨ | તુવેર | ૧૨૦૦ | ૧૪૯૪ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૫૬૦ |
| ૨ | શીંગ મોટી | ૧૩૫૦ | ૧૬૦૦ |
| ૩ | તલ સફેદ | ૧૬૫૧ | ૨૨૦૧ |
| ૪ | જીરૂ | ૩૫૦૦ | ૫૧૮૬ |
| ૫ | કપાસ | ૧૩૫૦ | ૧૫૮૫ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૮૦ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૬૩૦ |
| ૯ | જુવાર | ૯૦૦ | ૧૦૬૭ |
| ૧૦ | અડદ | ૯૦૦ | ૧૩૭૦ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૧૨૫ |
| ૧૨ | તુવેર | ૧૨૦૦ | ૧૫૯૦ |
| ૧૩ | એરંડી | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ૧૪ | મેથી | ૯૦૦ | ૧૦૫૧ |
| ૧૫ | ધાણા | ૧૩૫૦ | ૨૦૦૦ |
| ૧૬ | સોયાબીન | ૯૫૦ | ૧૦૫૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૩૧ | ૧૫૯૫ |
| ૨ | મગફળી | ૯૦૧ | ૧૨૫૧ |
| ૩ | સોયાબીન | ૧૦૧૭ | ૧૦૧૭ |
| ૪ | તુવેર | ૧૨૦૦ | ૧૪૯૧ |
| ૫ | ધાણા | ૧૫૦૦ | ૧૫૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૯૪ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૮ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૦૦ |
| ૪ | ચણા | ૧૦૧૧ | ૧૦૩૧ |
| ૫ | ધાણા | ૧૩૮૦ | ૧૬૧૦ |
| ૬ | તલ સફેદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૭ | સોયાબીન | ૭૯૦ | ૯૯૨ |
| ૮ | મગફળી | ૮૦૦ | ૧૨૮૦ |
| ૯ | તુવેર | ૧૧૨૫ | ૧૪૪૮ |
| ૧૦ | શીંગદાણા | ૧૧૦૦ | ૧૫૫૦ |
| ૧૧ | મગ | ૭૦૦ | ૭૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૦૦ | ૧૬૩૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૭૦ | ૧૩૮૦ |
| ૩ | મગફળી | ૧૧૫૦ | ૧૪૬૦ |
| ૪ | તુવેર | ૯૪૦ | ૧૪૫૦ |
| ૫ | જીરૂ | ૩૨૧૫ | ૪૪૫૧ |
| ૬ | અડદ | ૧૦૭૫ | ૧૨૭૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૫ | ૧૪૫૫ |
| ૨ | મગફળી | ૧૦૭૬ | ૧૩૦૧ |
| ૩ | ઘઉં | ૪૫૭ | ૫૧૯ |
| ૪ | ચણા | ૧૦૭૬ | ૧૦૭૬ |
| ૫ | તુવેર સફેદ | ૧૦૦૦ | ૧૪૬૧ |
| ૬ | ધાણા | ૧૭૫૧ | ૧૭૫૧ |
| ૭ | રાઈ | ૧૩૯૫ | ૧૩૯૫ |
| ૮ | અડદ | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૯ | શીંગદાણા | ૧૦૫૦ | ૧૩૨૬ |

# લીલીયા મોટા ખાતે રાષ્ટ્રીય એકતા અને સ્વાતંત્ર્ય સંઘર્ષના શિલ્પી સરદાર પટેલ પર રાષ્ટ્રીય સેમિનાર યોજાયો






સરકારી આર્ટ્સ અને કોમર્સ કોલેજ, લીલીયા દ્વારા RUSA (National Higher Education Mission) તથા IQACના સંયુકત ઉપક્રમ હેઠળ ''સરદાર વલ્લભભાઈ પટેલના સ્વાતંત્ર્ય સંઘર્ષ'' વિષયક એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું તા. ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. ભારતના ''લોખંડી પુરૂષ'' તરીકે જાણીતા સરદાર વલ્લભભાઈ પટેલના સ્વાતંત્ર્ય સંઘર્ષ, રાષ્ટ્રીય એકતા તથા દેશના રજવાડાઓના એકીકરણમાં તેમના અવિસ્મરણીય યોગદાનને સમર્પિત આ રાષ્ટ્રીય સેમિનારમાં દેશભરના પ્રતિષ્ઠિત ઈતિહાસવિદો, વિદ્વાનો, અધ્યાપકો અને સંશોધકો ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારમાં સરદાર વલ્લભભાઈ પટેલની વહીવટી દ્રષ્ટિ, ખેડા–બારડોલી સત્યાગ્રહમાં તેમની ભૂમિકા તથા રાષ્ટ્રીય એકતાના નિર્માણમાં તેમના યોગદાન અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ ગોષ્ઠી અધ્યાપકો, સંશોધકો અને વિદ્યાર્થીઓ માટે એક ઉત્તમ શૈક્ષણિક અવસરરૂપ સાબિત થઈ હતી. આ સેમિનારનો મુખ્ય હેતુ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં સરદારના ઓછા ચર્ચાયેલા અને ન લખાયેલા પાસાઓ અંગે સંશોધનને પ્રોત્સાહન આપવાનો, જાગૃતિ ફેલાવવાનો તથા વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન પ્રદાન કરવાનો હતો. લોખંડી પુરૂષ સરદાર પટેલના વિચારોમાંથી પ્રેરણા લઈ રાષ્ટ્રીય એકતા, દેશપ્રેમ અને જવાબદાર નાગરિકત્વ તરફ એક કદમ આગળ વધારવાનો પ્રયાસ આ સેમિનાર દ્વારા કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના સફળ આયોજન માટે સેમિનાર કોઓર્ડિનેટર ડો. ભરત ખેની તેમજ સરકારી આર્ટ્સ અને કોમર્સ કોલેજ, લીલીયા પરિવાર દ્વારા વિશેષ જહેમત ઉઠાવવામાં આવી હતી તેમ કોલેજના આચાર્ય રાજેન્દ્રસિંહ રાઠોડએ એક યાદીમાં જણાવ્યું હતું.




## શહેરમાં દર મહિને સ્વચ્છતા પાછળ એક કરોડ રૂપિયા જેટલો ખર્ચ થતો હોવા છતાં પણ

# અમરેલીમાં કહેવાતા બ્યુટીફિકેશનમાં ગંદકીનાં ગંજ ખડકાયા

**શહેરમાં ઠેકઠેકાણે ગંદકી, બંધ સ્ટ્રીટલાઈટ, રખડુ શ્વાન અને અડિંગો જમાવતાં ગૌવંશની સમસ્યા અતિ વિકરાળ**

**પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓની અવરજવર હોવા છતાં પણ શહેરની સમસ્યા કોઈનાં ધ્યાને આવતી નથી**

**પાલિકામાં પદાધિકારીઓ અને અધિકારીઓ બદલાયા કરે પણ શહેરની બદનસીબી કયારેય બદલાતી નથી**

**ભાજપ હોય કે કોંગ્રેસનું શાસન હોય શહેરની સમસ્યા દૂર કરવા માટે કોઈને રસ જ નથી**



અમરેલી, તા. ૧૧

અમરેલી શહેરનાં હાર્દસમા ચિતલરોડ ઉપરની સુંદરતા વધારવા માટે થોડા વર્ષો પહેલા પાલિકા ધ્વારા લાખો રૂપિયાનાં ખર્ચે સરદાર સર્કલથી અવધ રેસીડેન્સી સુધીનાં વિસ્તારમાં બ્યુટીફિકેશન એટલે કે માર્ગની બંને બાજુ રેલીંગ, બાળકો માટે રમતગમતનાં સાધનો, લાઈટીંગ, વૃક્ષારોપણ જેવી કામગીરી કરવામાં આવી હતી.

અનુસંધાન પાના ૬ ઉપર

### માત્ર ૬ વર્ષનાં બાળકનાં મોતની ઘટના આઘાતજનક

## અરેરાટી : લાઠીનાં ભટ્ટવદર ગામે ઝટકા મશીનનો શોક લાગવાથી બાળકનું મોત

**નાના એવા ગામમાં શોકનો માહોલ છવાયો**

અમરેલી, તા. ૧૧

લાઠી તાલુકાના ભટ્ટવદર ગામે ગગજીભાઈ નારણભાઈની વાડીએ રહેતા જસવંત રાકેશભાઈ ભીલ નામના ૬ વર્ષિય બાળક ગત તા. ૧૦ના બપોરના આશરે ૧૦:૩૦થી ૨:૧૫ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે વાડીના શેઢે મુકેલ ઝટકા મશીનના વાયરને અકસ્માતે અડી જતા આ બાળકને ઝટકો લાગતા તે વાયર ઉપર પડી જવાથી ઝટકા મશીનનો શોક લાગવાથી બાળકનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.



















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)